COPY


# THE GANDHIDHAM CHAMBER OF COMMERCE & INDUSTRY

(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com


**No. GCCI /** 637

તા: ૦૪.૦૪.૨૦૧૭

| | |
|---|---|
| શ્રી એ. કે જાડેજા, (IPS) | શ્રીમતી ભાવનાબેન પટેલ, (GPS) |
| પોલીસ મહાનિર્દેશક, સરહદી રેન્જ, | પોલીસ અધિક્ષક, |
| હરીપર રોડ, ભૂજ - કચ્છ | પૂર્વ - કચ્છ - પોલીસ, |
| | ડીસી - ૫, ગાંધીધામ - કચ્છ |

વિષય: કાસેઝ ગેટથી ભારાપર જતા રસ્તા પર ટ્રાફીક જામની સમસ્યા

માનનિય શ્રી,

સવિનય જણાવવાનું કે કંડલા સ્પેશ્યલ ઇકોનોમીક ઝોનનાં મુખ્ય દરવાજાથી ભારાપર તરફ જતા રસ્તા ઉપર હંમેશા ટ્રાફીક જામ રહે છે જેથી આજુબાજુમાં આવેલા ઉદ્યોગો ખાસ કરીને મીઠાંના કારખાનાઓ અને નાના-મોટા ઉદ્યોગોને વાહનવ્યવહારમાં ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ મુશ્કેલીને લીધે ટ્રકોની અવર-જવર ઉપર અસર પડે છે અને જેને લીધે સમયસર ગાંધીધામ રેલ્વે સ્ટેશનનાં ગુડસ શેડ અને કંડલા પોર્ટ ખાતે માલ પહોંચાડી શકાતો ન હોવાને લીધે ઉદ્યોગકારોને ડેમરેજની ચુકવણી કરવાનો અનાવસ્યક બોજો પડે છે.

આ ઉપરાંત કાસેઝનો કેન્ટેનર અને ટ્રકનો ટ્રાફીક પણ રહે છે જેથી એક-બે કલાક સુધી ટ્રાફીક જામ થઈ જાય છે. આ સંદર્ભે અમારૂં સૂચન છે કે આ જ્ગ્યાએ ટ્રાફીક પોલીસનાં બુથની વ્યવસ્થા થવી જોઇએ જેથી ટ્રાફીકનું નિયંત્રણ થઈ શકે અને આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવી શકાય.

આથી આપશ્રીને અમારી વિનંતી છે કે સંબંધીત એજન્સીઓ સાથે સંકલન સાધી આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવા વિનંતી છે.

આભાર સહ....

આપનો વિશ્વાસુ,

દિનેશ ગુપ્તા

પ્રમુખ